# ‘નિલોફર’રાજ્યમાં ત્રાટકવાની શક્યતા

**કચ્છ-જામનગરના દરિયાઈકાંઠાના ગામો સાવચેતીરૂપે ખાલી કરાયા : રાજ્ય સરકાર સતત સંપર્કમાં : તંત્ર સાવધાન**


શુભ લાભ
# ગાંધીનગર સમાચાર
શુભ લાભ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૪ ૨૮ ઓક્ટોબર, ૨૦૧૪, મંગળવાર ; કારતક સુદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં અતિકુપોષિત બાળકોને કુપોષણ મુક્ત માર્ચ-૧૫ સુધીમાં કરાશે

## જિલ્લામાં કુપોષણથી પિડાતા બાળકો ૧૨ હજાર છે જ્યારે અતિ કુપોષિત બાળકોની સંખ્યા ૧૪૦૦ જેટલી છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના અતિકુપોષિત બાળકોને માર્ચ-૨૦૧૫ સુધીમાં કુપોષણ મુક્ત બનાવવાનો લક્ષ્યાંક જિલ્લા તંત્રએ કર્યો છે અને તે દિશામાં સઘન કામગીરી પણ શરૂ કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧.૭૫ ટકા જેટલા બાળકો અતિકુપોષિત જણાયા છે. સંખ્યામાં જો આંક જોઈએ તો ૧૪૦૦ જેટલી થવા જાય છે.

કુપોષણની જુદી જુદી ચાર ગ્રેડ હોય છે. જેમાં અતિકુપોષિત બાળકોની સંખ્યા ૧૪૦૦ જેટલી જણાઈ છે. જ્યારે ૧૫ ટકા જેટલા બાળકો સંખ્યામાં જોઈએ તો ૧૨ હજાર જેટલા બાળકો અન્ય ગ્રેડમાં આવે છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કુપોષણ મુક્તિ માટે ધન્વંતરી પોષણ યોજના અંતર્ગત ગત વર્ષે અમલમાં મુકેલ પ્રોજેક્ટના સારા પરિણામો મળતાં તંત્રએ હવે તેનો અમલ ચારેય તાલુકામાં કરવાનો નિર્ણય કર્યો છે. દહેગામ તાલુકાની ૧૦૦ આંગણવાડીમાં પ્રાયોગિક ધોરણે બિસ્કીટ આયુર્વેદના આપવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ચારેય તાલુકામાં બાળ સેવા કેન્દ્રો કાર્યકરત છે. જ્યાં અતિ ઓછા વજન ધરાવતા બાળકોની વિશેષ સારવાર કરી અને કુપોષણમાંથી મુક્તિ આપવાનું અભિયાન ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૧૦ થી પણ વધુ બાળકોને આ બાળ સંભાળ કેન્દ્રોમાં સારવાર આપવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કુપોષણ મુક્તિ

● અનુસંધાન પાન-૫ પર







લોહાણા યુવા સંગઠન ગાંધીનગર

સૌ ભાવિક ભક્તિનો દિપાવલીની શુભ કામનાઓ તથા નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

તા.૦૧-૧૧-૨૦૧૪ થી ૧૦-૧૧-૨૦૧૪

મેનેજરશ્રી જલારામમંદિર, સેકટર-૨૯ નો સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.


# નગરમાં મોસમનો મિજાજ બદલાયો

## દિવસ દરમિયાન આકાશી નઝારો બદલાયો : ભેજનું પ્રમાણ વધતા નગરજનોએ ઉકળાટ અનુભવ્યો : વરસાદી વાયરાના એંધાણ

ગાંધીનગર, તા. ૨૭

નવા વર્ષના પ્રારંભ સાથે મોસમનો મિજાજ પણ બદલાયો છે. એકબાજુ અરબી સમુદ્રમાં હવાનુ દબાણ ઉભુ થતા ચક્રવાત સર્જાવાથી નિલોફર નામનું વાવાઝોડુ સૌરાષ્ટ્રના વિસ્તારમાં ત્રાટકે તેવી શક્યતાઓ પ્રબળ બની છે. જ્યારે મોસમના બદલાતા મિજાજ વચ્ચે ગાંધીનગરમાં પણ ભેજનું પ્રમાણ વધતા હળવા વાદળિયા વાતાવરણ વચ્ચે શહેરીજનો વરસાદી ઉકળાટ અનુભવતા હોવાનો અહેસાસ કરી રહ્યા છે. આજે સવારે પણ વાતાવરણમાં ૭૯ ટકા ભેજનું પ્રમાણ નોંધાયું હતું. વહેલી સવારે અને મોડી રાત્રે ગુલાબી ઠંડીના ચમકારા સાથે આકાશી નઝારો બદલાતા વાતાવરણ પલ્ટો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

અરબી સમુદ્રમાં હવાનું દબાણ ઉભુ થતા ચક્રવાત સર્જાયો છે. જેના પરિણામે નીલોફર નામનુ વાવાઝોડુ સૌરાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યું છે.

● અનુસંધાન પાન-૫ પર


PMJDY Financial Literacy Series no.5

પ્રધાનમંત્રી જન-ધન યોજના
મેરા ખાતા ભાગ્ય વિધાતા

NUUP National Unified USSD Platform

NPCI भारतीय राष्ट्रीय भुगतान निगम NATIONAL PAYMENTS CORPORATION OF INDIA www.npci.org.in

અત્યંત સુવિધાજનક રીત,
પહોંચ મેળવવા તમારી બેન્કિંગ સેવાઓ

તાત્કાલિક ચુકવણીઓ અને ઝડપી બેન્કિંગ માટે
સર્વ ટેલિકોમ સેવા પ્રદાતાઓમાં કોઈપણ જીએસએમ મોબાઈલ ફોન્સનો ઉપયોગ કરીને




**પીએમજેડીવાય હેઠળ મોબાઈલનો ઉપયોગ કરીને બેન્કિંગ લેણદેણ હવે આસાન**

મુખ્ય વિશિષ્ટતાઓ

- લઘુ નિવેદન
- તમારી આધાર સીડિંગ સ્થિતિ જાણો
- આઈએફએસસી– ખાતા નં., એમએમઆઈડી, આધાર નંબર સાથે ફંડ ટ્રાન્સફર
- ઓટીપી ઉપજાવો
- એમપિન બદલી કરો
- તમારો એમએમઆઈડી જાણો
- બેલેન્સની પૂછપરછ

વધુ માહિતી માટે કૃપયા નેશનલ ટોલ ફ્રી નં. 1800 110 001 અને 1800 180 1111 પર કોલ કરો
સ્ટેટ ટોલ ફ્રી નં. 1800 233 1000

નાણાકીય સેવા વિભાગ
નાણા મંત્રાલય
ભારત સરકાર
www.financialservices.gov.in

Indian Banks' Association
(સભ્ય બન્કા, નાબાર્ડ અને વીમા કંપનીઓ વતી)
www.iba.org.in

તમારી બેન્કનો સંપર્ક સાધો અને તમારો મોબાઈલ નંબર આજે જ નોંધણી કરાવો


